## જન્મદિને વધામણી



અતુલ અમીન
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૯ ૭૨૬૫૦



ઊર્મિલા મોતીસિંહ સુરાવત
મો. ૭૬૦૦૨ ૨૫૪૧૭



ધવલ એમ રાવલ
મો. ૮૭૩૨૯ ૭૦૦૦૮



મન મિતેષ મહેતા
મો. ૯૯૦૯૦ ૮૮૩૭૩

# આજે ડૉ. રઘુવીર ચૌધરી અભિવાદન ઉત્સવ


## નગરની સંસ્થાઓ, નગરજનોના ઉપક્રમે આયોજિત અભિવાદન ઉત્સવ પ્રસંગે રઘુવીરભાઈ લિખિત, સંપાદિત, સર્જિત ૧૫૦થી વધુ પુસ્તકોના પ્રદર્શન અને ૩૦ ટકાના વિશેષ વળતર સાથે વેચાણનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ભારતીય સાહિત્યના સર્વોચ્ચ સન્માન-જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ગરવા ગુજરાતી સારસ્વત રઘુવીરભાઈ ચૌધરીનું અભિવાદન કરવા માટે ગાંધીનગર ખાતે એક સમારોહનું આયોજન શનિવારે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે રઘુવીરભાઈ ચૌધરી લિખિત, સંપાદિત, સર્જિત ૧૫૦થી વધુ પુસ્તકોનું પ્રદર્શન અને ૩૦ ટકાના વિશેષ વળતર સાથે વેચાણનું આયોજન પણ કરવામાં આવ્યું છે.





સમગ્ર ગાંધીનગર શહેર ઉપરાંત ગાંધીનગર એજ્યુકેશન ફાઉન્ડેશન, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, અખિલ આંજણા કેળવણી મંડળ, એમ. પી. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર સાહિત્ય સભા, અખિલ આંજણા સેવા મંડળ, માણસાના ઉપક્રમે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૦ સપ્ટેમ્બર ને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ સમારોહના અધ્યક્ષ તરીકે રાજ્યપાલ ડૉ. ઓમપ્રકાશ કોહલી, મુખ્ય મહેમાન તરીકે સાહિત્યકાર, કેળવણીકાર મનસુખ સલ્લા ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાના પનોતા પુત્ર એવા રઘુવીરભાઈ દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર, કુમાર ચંદ્રક, ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, સૌહાર્દ સન્માન, ગૌરવ પુરસ્કાર, ક મા મુનશી ઍવોર્ડ, દર્શક ઍવોર્ડ, ગોવર્ધનરામ ઍવોર્ડ, પંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર, અને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત છે. એમને પ્રથમવાર સમગ્ર ગાંધીનગર સાથે મળીને પોંખવા જઈ રહ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

જ્યારે જિંદગી સમુદ્રમાં ધકેલે છે ત્યારે સમય તરવાનું શીખવી દે છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

**સ્ક્રીન-૫**
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફ્રિકી અલી
૪.૦૦, ૧૦.૦૦

# જે. બી. પ્રાથમિક શાળા નિબંધ લેખન સ્પર્ધામાં તૃતીય સ્થાને

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા અંતરિક્ષ ક્ષેત્રે ભારતનું યોગદાન બતાવતો વિડીયો ફિલ્મ બતાવવામાં આવી

ગાંધીનગર, તા. ૯

૧૨મી ઓગષ્ટ ડૉ. વિક્રમ સારાભાઈ જન્મદિન તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત ગત તા. ૧૪ ઓગષ્ટને રવિવારના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ૨૧મી સદીમાં ભારતનું અંતરિક્ષ ક્ષેત્રે પ્રદાન એ વિષય ઉપર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કુશલ પટેલે ઉત્સાહપુર્વક ભાગ લી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તેમજ ૨૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

આ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા અંતરિક્ષ ક્ષેત્રે ભારતનું યોગદાન બતાવતી વિડીયો ફિલ્મ બતાવવામાં આવી હતી. અને બાળકોએ અંતરિક્ષ વિશે રસપ્રદ માહિતી પ્રાપ્ત કરી હતી.

શાળાના આચાર્યા નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે નિબંધ સ્પર્ધામાં તૃતીય સ્થાને પ્રાપ્ત કરતા વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા છે.

# ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા ખાતે ગુરુવંદના કાર્યક્રમ યોજાયો





ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે જ્ઞાન સપ્તાહ અંતર્ગત ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના બાળકોએ પ્રાર્થના બાદ ગામના અગ્રણી નિવૃત્ત શિક્ષક તથા પત્રકાર નટુભાઈ પટેલનું કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય ચીમનભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, અરવિંદભાઈ દવેએ હાજર રહી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિતેશભાઈ પટેલે કર્યું હતું.

## શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રમતગમતમાં રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા

ગાંધીનગર, તા. ૯

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજિત જિલ્લાકક્ષાની રમતગમત સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શ્રેષ્ઠ પસંદ કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે અને બે વિદ્યાર્થીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે થઈ છે.

સ્કેટીંગમાં ઋતુરાજ વિજયસિંહ ચાવડા પ્રથમ, આદિત્ય મહેશભાઈ ખાચર દ્વિતિય, ચેસમાં વ્રજ કનુભાઈ પટેલ પ્રથમ, ટેબલ ટેનિસમાં માહિન યુસુફભાઈ ગાંધર્વ પ્રથમ, બેડમિન્ટનમાં ઈન્દ્ર સુનિલભાઈ પટેલ દ્વિતિય બૉક્સિંગમાં સ્નેહ નરેન્દ્રભાઈ પરમાર પ્રથમ તથા સાયકલિંગમાં દિપ દિનેશકુમાર પરમાર પ્રથમ સ્થાને વિજેતા બન્યા છે.

રોલ બૉલની સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થી આદિત્ય મહેશભાઈ ખાચર તથા ઋતુરાજ વિજયસિંહ ચાવડાની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે. સૌ વિજેતા ખેલાડીઓને તથા માર્ગદર્શક શિક્ષકોને શાળા પરિવાર વતી આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સ્વામિનારાયણ ધામ સ્કૂલ ઍથ્લેટીક્સમાં ઝળકી







ગાંધીનગરના તાજેતરમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાઈ સંકુલ ખાતે યોજાયેલ સ્કૂલ લીગ રમત સ્પર્ધામાં કુડાસણની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકો એથ્લેટિક્સ વિભાગમાં જુદી જુદી ૯ રમતો જેવી કે વિવિધ દોડ, ઊંચો કૂદકો, શોટપુટ વગેરેમાં જિલ્લા કક્ષાએ વિજેતા બન્યા છે. આ વિજેતા ખેલાડીઓ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. વિદ્યાર્થીઓના કોચ સંદિપ પ્રજાપતિ તથા બકુલ પટેલ સહિત શાળાના આચાર્યા અર્પણા શેઠ અને પ્રિન્સિપાલ નિર્મલ પટેલે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પોષણ સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૯

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સે-૨૦, ગાંધીનગર ખાતે સગર્ભા બહેનો માટે 'તપોવન સંશોધન કેન્દ્ર' ચાલી રહ્યું છે. આ કેન્દ્રમાં આવતી સગર્ભા બહેનોને નિયમિત રીતે પ્રાર્થના, ધ્યાન, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, ગર્ભસંવાદ, યોગાભ્યાસ, સંગીત વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. ફુડ એન્ડ ન્યુટ્રીશન બોર્ડ દ્વારા તા. તા. ૧લી સ્ટેમ્બરથી તા. ૭ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી સગર્ભા માતાઓ પોષણ અંગેની યોગ્ય સમજ મેળવે અને તંદુરસ્ત ભાવિ પેઢી તથા તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય તે હેતુથી ચિલ્ડ્રન્સ યુનિ. અંતર્ગત ગુજરાતમાં ચાલતા તમામ 'તપોવન સંશોધન કેન્દ્રો'માં પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બીજી સપ્ટેમ્બરે પ્રકલ્પ સંયોજક વિમળાબહેન સોલંકીએ સગર્ભા સ્ત્રીએ ભોજનમાં લેવાના ષડરસનું મહત્વ તથા માસવાર લેવાના આહાર વિશે માર્ગદર્શન આપ્યું હતું.

૧લી સપ્ટેમ્બરના રોજ કમિશનર ઓફ ફુડ સેફટી વિભાગના ડેઝિગ્નેટેડ ઈન્સ્પેકટર સી.એસ. ગોહિલે સગર્ભા બહેનોને સલામત આહાર, ખોરાકમાં ભેળસેળ, ખરીદી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ વગેરે વિશે પીપીટી દ્વારા સમજણ આપી હતી. તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ પોષણ નિષ્ણાત તથા ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલસચિવ કમલામણિબહેન રાવે સગર્ભાવસ્થા દરમિયાન લેવાના આહાર વિશે, એનિમિયાના લક્ષણો, એનિમિયા ન થાય એ માટે રાખવાની કાળજી વગેરે મુદ્દાઓ વિશે પોસ્ટર દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. તા. ૭મી સપ્ટેમ્બરના રોજ મહિલા બાળવિકાસ કમિશનર કચેરીના ડેપ્યુટી ડાયરેકટર ઈલાબહેન રાણાએ સગર્ભાવસ્થા દરમિયાન રાખવાની કાળજી, પોષણ, સ્તનપાનના ફાયદા, માતાના દૂધ ઉપરાંત આપવાના આહાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તપોવન વિસ્તરણ સેવા અંતર્ગત ચાલતા ડભોડા પેટા કેન્દ્રમાં પોષણ સપ્તાહ નિમિત્તે સગર્ભા બહેનોને ઘઉંના ફાડામાંથી વેજીટેબલ ખીચડી બનાવતા શીખવવામાં આવ્યું હતું અને તેમાંથી મળતા પોષકતત્વો વિશે પ્રકલ્પ સંયોજકશ્રી સંગીતાબહેન પંચાલ તથા મનુબહેન ડામોરે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર, આશાવર્કર બહેનો તથા આઈસીડીએસના કોઓર્ડીનેટર ડિમ્પલબહેન હાજર રહ્યા હતા.





ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો દ્વારા સુંદર પ્રયોગોની રજૂઆત કરવામાં આવી હતી. ઊર્જાના વિવિધ પ્રકારો, વૃષ્ટિ જળ સંચયન, ઉષ્મા સંચરણ, કિચન ગાર્ડન વગેરે મૉડેલ આ મેળામાં પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. વિજ્ઞાન મેળા પાછળનો શાળા પરિવારનો ઉદ્દેશ બાળકોમાં વૈજ્ઞાનિક સિધ્ધાંત કેળવાય અને બાળકોની નિદર્શન શૈલીનો વિકાસ થાય તે હતો, જે સુંદર રીતે ચરિતાર્થ થયો હતો. વિજ્ઞાન મેળાનું આયોજન અને બાળકોની રજૂઆત કરવાની શૈલી જોઈને જાણીતા શિક્ષણવિદ દિપકભાઈ તેરૈયા ખૂબ પ્રભાવિત થયા હતા અને તેમણે ભાગ લેનારા સર્વ સર્વ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ તરીકે એક-એક પુસ્તક આપવાની જાહેરાત કરી હતી. બહોળા પ્રમાણમાં વાલીઓએ ઉપસ્થિત રહી આ વિજ્ઞાન મેળાનો માણ્યો હતો અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.



સૅક્ટર-૨૬ ખાતે કાર્યરત શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વ્યક્તિગત વિભાગમાં માધ્યમિક વિભાગમાં મયંક શાહ પ્રથમ, આશા ચૌધરી દ્વિતિય, ઋષિલ પટેલે તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જૂથ સ્પર્ધામાં સૃષ્ટિ ઠક્કર, મયુરી પટેલ, આરતી પરમાર અને સ્વિટી ગામેતીના જૂથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કાર્યક્રમના નિર્ણાયક તરીકે ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનના પ્રાધ્યાપકે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સચિનભાઈ પટેલ તથા અજિતસિંહ સોલંકીએ જહેમત ઊઠાવી હતી. શાળાનાં પ્રમુખ દક્ષાબેન સુથારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. આચાર્યએ ટીમવર્કને બિરદાવ્યું હતું.

## જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગણેશોત્સવમાં પ્રકૃતિવંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સૅક્ટર-૨૨ ખાતે આયોજીત ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાનાં બાળકો દ્વારા પ્રકૃતિવંદના કાર્યક્રમ યોજાયો હતો. માનવજાતે પ્રકૃતિનાં તમામ સ્ત્રોતોને મનફાવે તેમ નિચોવ્યા છે અને જીવન જીવવા સગવડો ઉભી કરી છે ત્યારે વધુ એક મહાપ્રલયનો ખતરો ઉભો કર્યો છે તેવા સંજોગોમાં શાળાના ૮૦ જેટલા બાળકોએ પર્યાવરણની જાળવણી અંતર્ગત સુંદર પ્રકૃતિ વંદના કાર્યક્રમ રજૂ કરી સૌને મનોરંજન સહ પર્યાવરણની જાળવણી માટેની શીખ આપી હતી.

# આરટીઓ કચેરી ખાતે વૃક્ષારોપણ



દિન-પ્રતિદિન પર્યાવરણ દૂષિત બનતું જાય છે. જે અન્વયે આવનારી પેઢીને અનેકવિધ મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તેવા હેતુથી ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરટીઓ ઈન્સ્પેકટર પી.આર. રાણા, ઈન્ચાર્જ પી.એસ. વાણીયા, વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત, વોર્ડ નં. ૭ના કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા તથા કિરીટ પરેરા, સી.એમ. ડામોર, શાંતિલાલ, મુકેશભાઈ મારુ, અનિલભાઈ ચાવડા, મહેન્દ્રભાઈ બરાડા, સી.એમ. વર્મા, વિનોદ મેણાત, સુધીર સોલંકી, ચીમનભાઈ ચૌધરી અને વિજય હડીયોલ હાજર રહ્યા હતાં.